ઈ-મેઇલ મેસેજ

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

**(૧)** કીર્તિમંદિર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૨૦૨૪૭/૨૦૨૨ IPC કલમ ૪૫૭,૩૮૦ મુજબ કોઇ અજાણ્યો ચોર ઇસમ રાત્રીના સાડા સાતથી નવ વાગ્યાના સમયે ફરીયાદીના રહેણાંક મકાનમાં દરવાજા વાટે પ્રવેશ કરી ફરીયાદીના રહેણાંક મકાનના ઉપરના માળના રૂમમાં આવેલ કબાટમાં રાખેલ આશરે રોકડ રૂપીયા ૧૩,૫૩૦/- તથા ડબ્બામાં રાખેલ ચાંદીના દાંગીના જેમાં પગના સાકળા જોડી નંગ-૦૧ તથા પગની આગળીમાં પહેરવાની માછલી નંગ-૦૬ જે ચાંદીના દાગીનાની આશરે કિ.રૂ.૧,૭૦૦/- મળી કુલ-૧૫,૨૩૦/- રૂપીયાની ચોરી કરી લઇ જઇ ગુન્હો આચરેલ. જે અંગે પો.ઈન્સ. શ્રી ડી.બી.રાઠોડ, પો.સબ.ઈન્સ.શ્રી બી.આર.પરમાર તથા લોકરક્ષક વિશાલ રવજીભાઇએ બનાવવાળી જગ્યાની આસપાસ રહેતા લોકોની પુછપરછ કરી તેમજ ખાનગી બાતમીદારો તથા શકમંદ ઇસમોની ઉંડાણ પુર્વક પુછપરછ દરમ્યાન શકમંદ ઇસમ જીગર ઉર્ફે બજરંગ લાલજીભાઇ ગોસીયા તથા મનિષ ઉર્ફે ચાપલો રમેશભાઇ વાંદરીયાની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા બન્ને આરોપીઓએ ગુન્હો કરેલનું તપાસ દરમ્યાન ફલીત થતા બન્ને આરોપીને સદર ગુન્હાના કામે અટક કરવામાં આવેલ. તેમજ તેઓની પાસેથી સદર ગુન્હાના કામે ચોરીમાં ગયેલ મુદામાલ ૧૦૦% રીક્વર કરવામાં આવેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર